**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૭ ટકા

# શહેરમાં માત્ર ૧૭ ટકા નાગરિકો જ ગ્રંથાલયમાં જાય છે

## ગ્રંથાલયમાં ૧,૨૮,૫૬૬ પુસ્તકો ઉપલબ્ધ છે જયારે વર્ષ દરમિયાન ૪૮,૭૩૧ નાગરિકો ગ્રંથાલયની મુલાકાત લે છે

ગાંધીનગર, તા.૨૮

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે પ્રજાજનોની સુવિધા માટે મધ્યસ્થ ગ્રંથાલય રાજય સરકાર દ્વારા સન ૧૯૮૨થી શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયના વિધાનસભા ગૃહના નવીન ભવનનું નિર્માણ થતા જૂના વિધાનસભા ગૃહને રાજય મધ્યસ્થ ગ્રંથાલય ભવન તરીકે રાજય સરકાર દ્વારા ફાળવણી કરાયેલ છે. રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે પ્રજાજનોને વાંચન સુવિધા ઉપલબ્ધ બને તે ઉદ્દેશથી સંદર્ભ વિભાગ, વાંચનાલય વિભાગ, મહિલા અધ્યયનકક્ષ, વિદ્યાર્થી અધ્યયનકક્ષ, પુસ્તક આપ-લે વિભાગ, અંધજન વિભાગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી રહી છે. રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના ગ્રામિણ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં ફરતા પુસ્તકાલયોના માધ્યમથી પ્રજાજનોને ઘરઆંગણે શિષ્ટ સાહિત્ય ઉપલબ્ધ બનાવવામાં આવી રહેલ છે. રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે ૧૨૮૫૬૬ જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે અને ૪૮૭૩૧ જેટલા વાંચક સભ્યો નોંધાયેલા છે તથા કોપીરાઈટ વિભાગના પુસ્તકો ૭૧૪૧૮ જેટલા નોંધાયા છે. રાજય મધ્યસ્થ ગ્રંથાલયના વડા એન.બી. પંડયા છે. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરની સેવાઓ કોમ્પ્યુટરાઈઝડ કરાયેલ છે અને આર.એફ.આઈ.ડી. ટેકનોલોજીની સુવિધા ઉપલબ્ધ છે. સીકયોરીટી ગેટ જેવી આધુનિક સુવિધા પણ ઉપલબ્ધ કરાયેલ છે. ઈન્ટરનેટ ઝોનની પણ વ્યવસ્થા કરવામાં આવેલી છે. વિદ્યાર્થીઓને વાંચન અર્થે સવારના ૮થી રાત્રિના ૧૨ વાગ્યા સુધી સુવિધા ઉપલબ્ધ બનાવાઈ રહી છે.

દૈનિક ૧૫૦ થી ૨૦૦ યુવાનો/યુવતીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દી ઘડતર માટે આ સુવિધાનો લાભ લઈ રહ્યા છે. રાજયના ૧૭ જિલ્લાઓના ગ્રામ ગ્રંથાલયોનું સંચાલન પણ રાજય મધ્યસ્થ ગ્રંથાલય મારફત હાથ ધરાઈ રહ્યું છે. રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે કોપીરાઈટ એકટ હેઠળ ગુજરાત રાજયમાં પ્રસિધ્ધ થતા પુસ્તકોની બે નકલ મેળવીને તેની યોગ્ય સાચવણી અને જાળવણી કરવામાં આવી રહી છે. ગ્રંથાલયમાં ગેઝેટર માટે એક પુસ્તકની ફી ૫૦ રૂપિયા અને નોન ગેઝેટર વાચકો માટે એક પુસ્તક દીઠ ફી ૧૧૦ રૂપિયા રાખેલી છે. રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં દિવ્યાંગો માટે અલાયદો વિભાગ બનવાનો છે. જેમાં નવી ટેકનોલોજી યુકત કમ્પ્યુટર્સ, અપંગ તથા અંધ વ્યકિતઓ માટે લીફટની સુવિધા કરાશે. દિવ્યાંગોને વાંચન માટે ઉપયોગી દરેક સવલત ઉભી કરાશે.

### સંવર્ધિત ફરતું પુસ્તકાલય

**આ ફરતું પુસ્તકાલય જેની સ્થાપના ૨૦ ઓગસ્ટ ૨૦૦૮માં થયેલ છે તેના કુલ ૬૫ જેટલા કેન્દ્રો છે. જેમાં ૧૭ જેટલા શહેરો અને ૪૮ જેટલા ગામડા સમાવિષ્ટ છે. ફરતા પુસ્તકાલયનો અત્યાર સુધી ૨૧૬૮ લોકોએ લાભ લીધો છે. સંવર્ધિત ફરતું પુસ્તકાલય જેમાં કુલ ૧૨૮૫૧ પુસ્તકો ઉપલબ્ધ છે. ગુજરાતી ભાષામાં ૧૦૮૩૭ પુસ્તકો, હિન્દી ભાષામાં ૮૩૮ અને અન્ય ૧૧૭૬ પુસ્તકો ઉપલબ્ધ છે.**




### ફરતું પુસ્તકાલય

**આ ફરતું પુસ્તકાલય કુલ ૭૮ કેન્દ્રોમાં ઉપસ્થિત રહે છે. ગાંધીનગર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં વિના મૂલ્યે પુસ્તકો વાંચન માટે આપવામાં આવે છે. પ્રાથમિક શાળાના શિક્ષકોને વાંચન માટે વધુમાં વધુ વિદ્યાર્થીઓ પુસ્તકો અને અન્ય સાહિત્ય વાંચે તેની જવાબદારી સોંપવામાં આવી છે. રજિસ્ટ્રેશન તથા પુસ્તક આપ-લેની જવાબદારી પણ પ્રાથમિક શાળાના શિક્ષકોની રહે છે. આ પુસ્તકાલયમાં કુલ ૧૦૨૭૯ પુસ્તકો છે. ગુજરાતી ભાષામાં ૯૪૮૭ પુસ્તકો, હિન્દી ભાષામાં ૪૪ પુસ્તકો, અન્ય ૩૪૮ પુસ્તકો સમાવિષ્ટ છે. ગાંધીનગરનું બીજુ સરકારી ગ્રંથાલય સેકટર-૨૧ ખાતે આવેલ છે. જયાં વર્તમાન સમયમાં રિનોવેશનની કામગીરી ચાલી રહી છે.**

## જન્મદિને વધામણી


મહર્ષિ રાવલ
મોટીવેશનલ ટ્રેનર
મો. ૯૯૭૯૮ ૯૮૭૪૨


હિતેષ વિનોદ જોષી
મો. ૮૦૦૦૭ ૭૨૫૦૨


હેતાર્થ કેયુર શાહ
મો. ૯૮૨૪૬ ૧૦૬૫૦


જીતેન્દ્ર ત્રિવેદી
મો. ૯૮૨૫૨ ૭૬૫૨૯

## ચિરવિદાય

● મુકિતધામ ●
● સ્વ. પ્રજાપતિ અરવિંદભાઈ હરખાભાઈ, ઉ.વ. ૪૯, સે-૨૮

## સમર્પણ પબ્લિક સ્કુલમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૨૮

શ્રી શંકરસિંહ વાઘેલા સંચાલિત સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટર:૨૮,ગાંધીનગર ખાતે ઓનલાઈન માધ્યમ દ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અલગ અલગ શાળાઓના વિદ્યાર્થીઓ તથા સમર્પણ સ્કુલનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રતિયોગિતા ધો:૧ થી ૪ અને ધો:૫ થી ૮ એમ બે ભાગમાં વહેચવામાં આવી હતી. વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શાળાના મેનેજિંગ ડાયરેકટર મહેન્દ્રસિંહ વાઘેલા અને શાળાના આચાર્ય પાયલ આચાર્ય તરફથી રોકડ પુરસ્કાર અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## હરિદ્વાર ખાતે અસ્થિવિસર્જન સેવામાં પહેલીવાર મહિલા સભ્યો જોડાશે

### આગામી તા.૩જી જુલાઈના રોજ સવારે ૯.૧૫ કલાકે સે-૩૦ના અંતિમધામ ખાતે પુષ્પાંજલિ પ્રાર્થના સભાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મહાનગરપાલિકાના અંતિમધામના કર્મયોગીઓ તેમજ જુસિકા સંચાલિત રુદ્રભૂમિ અંતિમધામના સહયોગથી ચાલી રહેલી અસ્થિ વિસર્જન સેવા અંતર્ગત દિવંગતોને શ્રધ્ધાંજલી અર્થે પુષ્પાંજલિ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પુષ્પાંજલિ સભા આગામી તા.૩જી જુલાઈના રોજ સવારે ૯.૧૫ કલાકે સેકટર-૩૦ના અંતિમધામ ખાતે યોજાશે અને ત્યારબાદ અસ્થિફૂલ લઈને સ્વયંસેવકોની ટીમ અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર જવા રવાના થશે, જેમાં પહેલીવાર મહિલા સભ્યો પણ જોડાશે. આ સ્વયંસેવકો દ્વારા તા.૫મી જુલાઈના રોજ સવારે ૭.૩૦થી ૧૦.૩૦ કલાક દરમ્યાન વિધિવત રીતે અસ્થિને હરકી પેડી ખાતે ગંગાજીમાં વિસર્જીત કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વર્ષ ૧૯૯૬થી શહેરમાં અવિરત પણે વિના મૂલ્યે અસ્થિવિસર્જનની સેવા પૂરી પાડવામાં આવી રહી છે. કોરોના કાળ દરમ્યાન મોટરમાર્ગે પણ હરિદ્વાર જઈને આ સેવા પૂરી પાડવામાં આવી હતી પરંતુ હવે પુનઃ છુટ પ્રાપ્ત થતાં અને ફરી ટ્રેનો શરૂ થતાં અસ્થિવિસર્જન સેવાનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વખતે અસ્થિ વિસર્જન માટે જે સ્વયંસેવકોની ટીમ હરિદ્વાર જઈ રહી છે તેમાં ઉદયભાઈ ત્રિવેદી ઉપરાંત મહિલા સભ્યો જેમાં પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તેમની પુત્રી બુલબુલ તથા નિરલબા જોડાશે. અસ્થિ વિસર્જન પૂર્વે તા.૨જી જુલાઈના રોજ હવન કરવામાં આવશે તેમજ હરિદ્વાર ખાતે પણ હર્ષાબા ધાંધલની આગેવાની હેઠળ પાંચ દિવસ સુધી હવન કરીને દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવશે. શહેર વસાહત મહામંડળના હોદ્દેદારો દ્વારા હવનમાં જોડાવા માટે જાહેર અપીલ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વખતની અસ્થિવિસર્જન સેવામાં તા. ૬ઠ્ઠી ડિસેમ્બર ૨૦૨૦થી તા. ૩જી જુલાઈ ૨૦૨૧ દરમ્યાન અવસાન પામેલા દિવંગતોના અસ્થિનું વિસર્જન કરવામાં આવશે.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાનો દ્વિતિય શપથવિધિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮


શહેરમાં ગત વર્ષે જ ઉદય પામેલી નવી સંસ્થા લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાની ટીમનો બીજા વર્ષમાં પ્રવેશે શપથવિધિ તાજેતરમાં યોજાઈ હતી જેમાં પ્રમુખપદે મહિલા અગ્રણી વૈશાલીબેન જોષીની નિયુક્તિ કરવામાં આવી હતી.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાની શપથવિધિમાં સેક્રેટરી પદે અર્ચનાબેન દવે તેમજ ટ્રેઝરર તરીકે જાગૃતિબેન વ્યાસની વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ધર્મેશ સોનીએ નવનિયુક્ત હોદ્દેદારોને શપથ લેવડાવી એમની ફરજોથી વાકેફ કર્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે નિવૃત્ત સનદી અધિકારી રશ્મિકાંત જોષીએ પોતાના પ્રેરક પ્રાસંગિક સંબોધન કર્યુ હતું તેમજ સમારંભમાં લાયન્સના કેબિનેટ સેક્રેટરી હરીશભાઈ ત્રિવેદી, રીજીયન ચેરમેન મમતા રાવલ, ગાઈડીંગ લાયન ડૉ. અમૃતભાઈ પટેલ હાજર રહ્યા હતા. પી.ડી.જી. હરેન્દ્રભાઈ શુક્લએ આર્શિવચન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે માત્ર મહિલા સભ્યો ધરાવતી આ સંસ્થા દ્વારા કોરોના કાળમાં વિવિધ સેવા કાર્યો કરીને વિવિધ એવોર્ડ્સથી સન્માનિત આ ટીમનો બીજા વર્ષમાં પ્રવેશ થયો છે.









પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી, સે-૨૩, સ્વામિનારાયણ મંદિર દ્વારા કોરોના મહામારીના કપરા કાળનો ભોગ બનેલા જીવાત્માઓના કલ્યાણ માટે સંકીર્તન પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિઃસ્વાર્થ ભાવે આયોજીત આ સંકીર્તન પ્રાર્થના કાર્યક્રમમાં દેશ-વિદેશમાં ખુબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ 'વસુધૈવ કુટુમ્બકમ્' ભાવનાથી સહુના ઘરે બેઠા ઓનલાઈન જોડાઈ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## નેક્ષસ 'કોરોના યોદ્ધા' વાર્તા સ્પર્ધા પુસ્તકનું ઓનલાઈન વિમોચન

ગાંધીનગર, તા.૨૮

કોરોના વૈશ્વિક મહામારી દરમિયાન સમાજના ઘણા લોકોએ કોરોના વોરિયર્સ એટલે કે યોદ્ધાનું કામ કર્યુ હતું. એ વિષયને ધ્યાનમાં રાખીને નેક્ષસ સ્ટોરીઝના ચેરમેન કૌશલ જોશી દ્વારા સત્ય ઘટના પર આધારિત વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા અને અન્ય વાર્તા સાથે બે પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં હતાં. રવિવારે 'કોરોના યોદ્ધા' બન્ને પુસ્તકોનું ઓનલાઈન વિમોચન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતના મુખ્ય મહેમાન પદે આ કાર્યક્રમ યોજાયો હતો. એમણે બન્ને પુસ્તકોનું ઓનલાઈન વિમોચન કર્યુ હતું. એમણે કોરોના વોરિયર્સના બે સ્વાનુભવના સત્ય કિસ્સા કહીને પુસ્તકમાં રહેલી વાર્તાની વાત સાથે વિજેતા સૌ સ્પર્ધકોને શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમનું રસપ્રદ સંચાલન ગોપાલ ખેતાણી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય મહેમાન સંજયભાઈ થોરાત ''સ્વજન'' (અધ્યક્ષ - ગાંધીનગર સાહિત્યસભા) સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આ સાથે સાહિત્ય રાષ્ટ્રીય પુરસ્કારથી સમ્માનીત અમદાવાદથી લેખક અને પત્રકાર સરસ્વતીચંદ્ર આચાર્યજી, આત્મીય ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી રાજકોટના પ્રિન્સીપાલ ડો. જી.ડી.આચાર્ય, દેવાંગભાઈ જાની, દિલ્હીથી ચિંતનભાઈ ઠક્કર, મુંબઈ ગુજરાતી સંગઠનના પ્રેસીડેન્ટ ભાવેશભાઈ મહેતા, ધ એડવાઈઝ એન્ડ આસીસ્ટ, ડાયરેક્ટર પરેશભાઈ ભટ્ટ, નિપેશ પંડ્યા – ઉદયાસ્ત અને ઋણાનુબંધ જેવી પ્રખ્યાત નવલકથા આપનાર લેખક, રાજુભાઈ ઉત્સવ – સાહિત્યકાર અને સમાજ સેવી, સાગરભાઈ ચૌચેતા, ભૌતિકભાઈ પંડ્યા વગેરે હાજર રહ્યા હતા. કોરોના કાળમાં સત્ય ઘટના પર આધારિત 'કોરોના યોદ્ધા' પુસ્તક વસાવવા યોગ્ય બન્યું છે.



## અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓમાં સુધારા માટે નિવૃત્ત નિયામકોના સૂચન

### આવક મર્યાદામાં વધારો, કોરોના મૃતક લાભાર્થીઓને વ્યાજ સહિત લોન માફી તેમજ ડો.આંબેડકર ભવનના રિનોવેશન માટે રજુઆત

ગાંધીનગર, તા. ૨૮


ગુજરાત સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રાજ્યમાં અનુસૂચિત જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે. લાંબા સમયથી ચાલી રહેલી આ યોજનાઓમાં કેટલાક સુધારા વધારાની જરૂર હોવાનું જણાવી સમાજ કલ્યાણ ખાતાના ત્રણ નિવૃત્ત નાયબ નિયામકો દ્વારા તેમના ત્રીસ વર્ષ થી વધુના અનુભવોના આધારે કેટલાંક સૂચન કરવામાં આવ્યા છે જે અનુસાર આવક મર્યાદામાં વધારો કરવો, અનુસૂચિત જાતિની કન્યાઓને પણ લાભ મળે તે માટે આવક મર્યાદા હટાવવી, ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવી તેમજ વિદ્યાર્થીઓને ફી તેમજ ટ્યુશન ફીમાં મદદરૂપ થવા સાથે ડો.આંબેડકર આવાસ યોજનામાં અરજીની મુદત હટાવવાના સૂચનો કરવામાં આવ્યાં છે.

સમાજ કલ્યાણ ખાતાના નિવૃત્ત નિયામકો વી.એલ. જાદવ. એમ. આર. રેવર અને પી.બી. શ્રીમાળી દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને અનુસૂચિત જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓમાં સુધારા વધારા કરવા માટે પોતાના લાંબા અનુભવના આધારે સૂચનો કરાવવામાં આવ્યા છે. તેમણે કરેલા સૂચનોને આધારે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં આવક મર્યાદાનું ધોરણ વાર્ષિક આઠ લાખ રૂપિયા સુધીનું કરવા અને આદિજાતિની કન્યાઓને ધોરણ-૧૦ પછીના પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ અને ફી ચૂકવવામાં આવે છે જ્યારે અનુસૂચિત જાતિની કન્યાઓ માટે વાર્ષિક રૂપિયા છ લાખની આવક મર્યાદા લાગુ કરવામાં આવી છે જે અન્યાય કરતા હોવાથી તેને દૂર કરવા સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારતમાં ઉચ્ચ અભ્યાસક્રમ માટે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને રૂપિયા દસ લાખની લોન આપવામાં આવે છે તે યોજના અનુસૂચિત જાતિ ના વિદ્યાર્થીઓ માટે પણ દાખલ કરવા અને ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને શૈક્ષણિક ફી તેમજ ટ્યુશન સહાય સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓની ફીનું માળખું નક્કી કર્યુ હતુ કે ધોરણે ચૂકવવા, અનુસૂચિત જાતિના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને ચુકવાતી ટ્યુશન સહાય સીબીએસસી અથવા તેની સમકક્ષ અન્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પણ ચૂકવવા, કોરોનામાં અવસાન પામેલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ધંધા વ્યવસાયની લોન વ્યાજ સહિત માફ કરવા, રાણીપ ખાતે ડો.આંબેડકર મ્યુઝિયમનું પડતર કામ સત્વરે પૂર્ણ કરવા તેમજ ગાંધીનગર ખાતેના ડો.આંબેડકર ભવનને રિનોવેશન કરવા માટે પણ સૂચન કરવામાં આવ્યું છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના નવા મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. હાલ મનપાની સામાન્ય ચુંટણીઓ કોરોના મહામારીના કારણે સ્થગિત કરાઈ હોવાથી હોદ્દાની રૂએ તેઓ શહેરના વહીવટદાર પણ છે. આજે શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાની આગેવાની હેઠળ કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મ્યુ. કમિશનરની શુભેચ્છા મુલાકાત લઈ તેમને આવકાર્યા હતા.

## એસ.વી. સ્કૂલમાં 'મેંગો ડે'ની ઉજવણી






ગાંધીનગર, તા.૨૮

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઓન લાઈન 'મેંગો ડે'ની ઉજવણી થઈ ગઈ, જેમાં શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના બાળકો કાચી અને પાકી મેંગો લઈને ઉત્સાહભેર આ ઉજવણીમાં જોડાયા હતા. શિક્ષિકાઓએ બાળકોને મેંગો વિષે માહિતી આપી, તેના ફાયદાઓ સમજાવી, મેંગોના પિક્ચર ઉપર કલર કરાવ્યો હતો, જેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. શાળાના તમામ શિક્ષિકાઓ તથા પ્રિન્સિપાલે પણ મેંગો લઈને આ ઉજવણીમાં ભાગ લીધો હતો, જ્યારે વાલીઓએ પણ આ ઈવેન્ટમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.




ચોમાસુ શરૂ થઈ ચુક્યુ છે અને કેરીની સીઝન પૂર્ણ થવામાં છે. હજુ પણ ક્યાંક ક્યાંક કચ્છની કેસર કેરીનો પાછોતરો માલ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગોની આસપાસ કેસર કેરી વેચતા ફેરીયાઓ જોવા મળી રહ્યા છે. કેરીના શોખીનો હજુ પણ કેરીની ખરીદી કરી રહ્યા છે.